August 2020

PRABHAT EDUCATION FOUNDATION

Issue No. 09

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિતવર્ગના સ્પેશિયલ નીડ બાળકો સાથે કામ કરે છે. પ્રભાત બાળકો અને પુખ્ત વયે માનસિક અને શારીરિક પડકારોની સેવા કરે છે, તેમની સંપૂર્ણ સંભાવના પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે:-પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન, એડવોકેસી દ્વારા નેટવર્કિંગ. પ્રભાતે એક બાળક સાથે કામ શરૂ કર્યું હતું અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશેષ જરૂરિયાતો ધરાવતા 3000 થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.

### અનુભવો...

એક નિસંતાન દંપતી ખૂબ જ આશા અને અરમાન સાથે એક બાળકને દત્તક લેવાનો વિચાર કરે છે અને એવામાં જ એક દિવસના અનાથ બાળક વિશે તેઓને માહિતી મળે છે. અને તેઓ દત્તક લેવાની વિધિ કરીને આ બાળકને દત્તક લઈને ઘરે આવે છે. અને ખૂબ જ ઉત્સાહ અને ઉમંગથી આ બાળકનો ઉછેર કરે છે. ધીમે-ધીમે સમય પસાર થતો જાય છે, બાળક થોડો મોટો થાય છે અને માતા-પિતાને લાગે છે કે તેના હાથ-પગ જોઈએ તેવા પ્રમાણમાં હલન-ચલન નથી કરતા આથી તેને ડોક્ટરને બતાવવાનું નક્કી કર્યું. બાળકને લઈને ડોક્ટરને બતાવવા ગયા અને ડોક્ટરે તપાસ કરીને કહ્યું કે આ બાળકનો માનસિક વિકાસ ધીમો છે. અને સાથે સાથે તેને સેરેબ્રલ પાલ્સી પણ છે. આ સાંભળીને તેઓ ખૂબ જ દુઃખી થઈ ગયા હતા.

થોડો સમય જતા તેમણે વાસ્તવિકતા સ્વીકારી હતી અને આ બાળકની સારવાર કરાવવાનું નક્કી કર્યું. આ વાત જાણતાની સાથે જ પિતા હસમુખભાઈ પરિવારે સખત વિરોધ કર્યો અને હસમુખભાઈને જણાવવામાં આવ્યું કે તમે જ્યાંથી આ બાળકને દત્તક લઈ આવ્યા છો ત્યાં પાછો આપી આવો, આ બાળકને આપણા કુટુંબમાં ઉછેરવાની અને જીંદગીભર તકલીફ ભોગવવાની જરૂર નથી. પરંતુ હસમુખભાઈ અને તેમના પત્ની તો તેને પોતાનું બાળક માની ચુક્યા હતા. તેમને આ નાનકડો કાર્તિક હર-હાલમાં મંજુર હતો. પરિવારે તેમને આ બાળક કે પરિવાર બન્નેમાંથી એકની પસંદગી કરવાનું જણાવી દીધું તો હસમુખભાઈ અને તેમના પત્નીએ બાળકની પસંદગી કરીને પરિવારની શરતનો સ્વીકાર કર્યો અને પરિવારનો ત્યાગ કર્યો.

હવે માતા-પિતા બન્નેનું સંપૂર્ણ ધ્યાન આ બાળકની સારવારમાં લાગેલ હતું, તેઓ બાળકને નિયમિત ફિઝિયોથેરાપી કરાવતા હતા. એ ફિઝિયોથેરાપી સેન્ટરમાં આવતા બીજા માણસો દ્વારા તેમને પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા વિશે માહિતી મળી કે જ્યાં નિઃશુલ્ક ફિઝિયોથેરાપી કરાવવામાં આવે છે. ત્યારબાદ તેઓ પ્રભાત સંસ્થાના દાણીલીમડા સેન્ટરે આવ્યા અને 8 વર્ષના કાર્તિકનું એડમિશન લીધું. સંસ્થામાં ફિઝિયોથેરાપી ઉપરાંત બાળકને એજ્યુકેશન પણ આપવામાં આવે છે. કાર્તિકના માતા-પિતાને ખુશી થઈ કે અમારો કાર્તિક પણ સ્કૂલે જશે. અને નિયમિત કાર્તિકને સંસ્થામાં મોકલવા લાગ્યા તેના કારણે કાર્તિકમા ઘણો પ્રોગ્રેસ જોવા મળ્યો. નિયમિતતા, મહેનત અને કાર્તિકની સાથે દરેક બાળક પ્રત્યે સંવેદના તે તેનો ઉમદા ગુણ હતો. કાર્તિકને પ્રભાતમાં આવવું ખૂબ જ ગમવા લાગ્યું હતું. આવાં સરસ ફેમેલીને જાણે કે નજર લાગી ગઈ હોય અને 2020માં કોરોના કાળ દરમ્યાન હસમુખભાઈનું અકાળે અવસાન થઈ ગયું. અને કાર્તિક અને તેની માતા પર આફત આવી પડી. સંસ્થાને કાર્તિક અને તેની માતા પ્રત્યે સહાનુભૂતિ છે. કાર્તિકને સગા પિતા કરતા પણ વધારે પ્રેમ આપનાર મુઠ્ઠી ઉચેરા આ માનવીને પ્રભાતના સો સો સલામ!

By: Rinal J. Solanki
Special Educator

**યુનિક ઈન્ટરવેન્શન**

કહેવામાં આવ્યું છે કે "આવશ્યકતા એ શોધની માતા છે". પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનનો હોમબેઝ રિહાબિલીટેશન પ્રોગ્રામ તેનું એક ઉત્તમ ઉદાહરણ સાબિત થયું છે. જે બાળકો સેન્ટર પર આવી શકે તેવા સક્ષમ નથી તેવા બાળકો માટે સંસ્થાએ આ હોમબેઝ પ્રોગ્રામની શરૂઆત કરી હતી. જેમાં પ્રભાતના સ્પેશિયલ એજ્યુકેટર કોમ્યુનિટીમાં બાળકના ઘરે જઈને તેમને શિક્ષણ આપે છે. મર્યાદિત સંસાધનો અને નાની જગ્યાઓનો ઉપયોગ સરળતાથી થાય અને તે ઉપયોગ યોગ્ય અને શ્રેષ્ઠ હોય તે સાબિત કરે છે. સંસ્થા દ્વારા કોમ્યુનિટીમાં આપવામાં આવતા મટીરીયલ અને સંસાધનો થોડા સમય માટે ચાલે છે જયારે ઘરેથી બનાવેલ મટીરીયલ અને ઈન્ટરવેસન લાંબા સમય સુધી અને સરળતાથી ઉપયોગમાં આવી શકે છે આવું સંસ્થાએ કોમ્યુનીટીમાં કાર્ય કરવાથી અનુભવ્યું. હોમબેઝ પ્રોગ્રામની એક સ્ટુડન્ટ દેવિકા છે કે જે નંબર શીખવા માટે શાકભાજીનો ઉપયોગ કરે છે, નંબર સાથે-સાથે તેને આકાર, સુગંધ, ટેસ્ટ અને કલરનો ખ્યાલ પણ આવે છે. આ રીતે કોઈ પણ એક વસ્તુમાંથી બાળકો ઘણું-બધું શીખતાં હોય છે આ પ્રકારનું લર્નિંગ વધારે કાર્યકારી અને પોતાની રીતે સ્વતંત્ર બનતા શીખવે છે. પ્રભાતે હંમેશાં રોજિંદા જીવનને લગતી પ્રવૃતિઓ શીખડાવવાની આવડત પર ભાર મુક્યો છે. જેમ કે, એક કુટુંબના સભ્ય તરીકે બાળકે ઘરની સફાઈ કરવી, બાળક એક ઓરડો સાફ કરવા માટે કઈ-કઈ વસ્તુઓનો વપરાશ કરે છે, આખા ઘરને સાફ કરવા માટે કેટલા પાણીનો ઉપયોગ થાય છે તે શીખી શકે છે. પ્રભાતે આ શિક્ષણની પદ્ધતિ બાળકના રોજિંદા જીવનના પ્રમાણે વિકસાવી છે. અને આ શિક્ષાની પદ્ધતિથી બાળકોના વિકાસમાં ઘણો વધારો જોવા મળ્યો છે.



Materials used at Prabhat Centre for learning textures



Materials parents use at home for teaching textures

https://www.youtube.com/watch?v=OYRT5SPPcWc

**મુબારક હો!**

"બાર બાર દિન યે આયે, તુમ જીઓ
હજારો સાલ, સાલ કે દિન હો હજાર
હેપ્પી બર્થ ડે ટૂ યુ,
હેપ્પી બર્થ ડે ટૂ યુ."
પ્રભાત ટીમની જન્મદિન નિમિત્તે ખૂબ-ખૂબ શુભેછા.



7th sep., કાશ્મીરાબેન



20th Sep., લક્ષ્મીબેન



27th sep., રીનલબેન

મંથલી અપડેટ

1) પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થાના ઓગસ્ટ મહિનામાં બાળકો સાથે **ઓનલાઈન એક્ટીવીટી** કરાવવામાં આવી તેમાં હોમબેઝ પ્રોગ્રામના 22 અને સેન્ટરના 20 બાળકોને અલગ-અલગ તબક્કાની એક્ટીવીટી કરાવવામાં આવી. જેવી કે, કોઈ બાળકને સેન્સરીની જરૂર છે તો તેને સેન્સરી એક્ટીવીટી, કોઈને A.D.L.ને લગતી તો કોઈને ફિઝિયોને લગતી. ટૂંકમાં બાળકના વિકાસ અને પ્રોગ્રેસ જેવી રીતે વધતો જોવા મળે તે અનુરૂપ એક્ટીવીટી કરાવાઈ. સાથો સાથ સંસ્થાના સ્કૂલ પ્રોગ્રામમાં ઓગસ્ટ મહિનામાં 4 જેટલી સ્કૂલોના કુલ 392 બાળકો સાથે ઓનલાઈન ક્લાસ દ્વારા જુદી-જુદી એક્ટિવિટી કરાવાઈ. નિબંધ-લેખન, ડ્રોઈંગ, રમત-ગમત અને આર્ટ એન્ડ ક્રાફ્ટ જેવી વિવિધ એક્ટીવીટીનો સમાવેશ થાય છે.

2) સંસ્થાના બાળકોની સહાય માટે સરકાર તરફથી **Alimco** [Artificial Limbs Manufacturing Corporation of India] માંથી સાધન-સામગ્રી આપવામાં આવી. આ સાધન-સામગ્રીની યાદીમાં સી.પી ચેર, ફોલ્ડિંગ વ્હીલચેર, મલ્ટી M.R. કીટ, A.D.L. કીટ, ટેબલેટ જેવી કુલ 166 સામગ્રી આવેલ છે.

3) સંસ્થાના સ્પેશીયલ એજ્યુકેટર હાર્દિકભાઈ દ્વારા સંસ્થાના અન્ય સ્પેશીયલ એજ્યુકેટર માટે **સાઈન લેન્ગવેજ (કેપેસીટી બિલ્ડીંગ)** ના સેશન લેવામાં આવ્યા હતા.

4) રોબર્ટ ડેવીસે ગયા મહિને સર્વેક્ષણ માટેની પ્રશ્નોત્તરીના ફોર્મ તૈયાર કર્યા હતા અને તે સંસ્થાના શિક્ષકો દ્વારા પેરેન્ટ્સને અપાયાં હતા. કુલ 504 પેરેન્ટ્સ તરફથી તે ફોર્મ ભરાયા છે. સર્વેક્ષણનું એનાલીસીસ ઓગસ્ટ મહિનામાં કરવામાં આવ્યું. રોબર્ટભાઈએ **સર્વેક્ષણના એનાલીસીસ** અંગેની ચર્ચા સંસ્થાના ટીમ મેમ્બર સાથે કરી અને તેમાંથી ઘણા અગત્યના પોઈન્ટ્સ બહાર આવ્યા છે જેવા કે, 58% માતાઓએ ભાગ લીધો.

93% કુટુંબના ઘરમાં માત્ર એક જ બાળક સ્પેશીયલ નીડ બાળક છે.

79% પેરેન્ટ્સે કહ્યું કે લોકડાઉનમાં બાળકો ફક્ત કંટાળી જ ગયા બાકી તેમનો વ્યવહાર લોકડાઉન પહેલા જેવો જ લોકડાઉનમાં જોવા મળ્યો છે.

કોરોના સમયમાં પેરેન્ટ્સને આર્થિક અને માનસિક પરિસ્થિતિની ચિંતા અને મુંજવણ સતાવતી હતી.

લોકડાઉન દરમ્યાન મોટાભાગના લોકોએ અનાજ, રોજગારી અને મેડીકલના સપોર્ટ અંગેની સહાયની વાત કરી.

આ સર્વેક્ષણનું ફાઇનલ એનાલીસીસ થશે અને જે રિપોર્ટ બહાર આવશે તે પ્રમાણે સંસ્થાનું આવનાર સમય માટેનું પ્લાનિંગ કરવામાં આવશે.ચોક્કસથી કહી શકાય કે આ સર્વેક્ષણ ખુબ ઉપયોગી બની રહેશે.

5) COVID-19ના લોકડાઉનના કારણે બાળકો જ્યારે સેન્ટર પર ન આવી શકતા. તે લાંબાગાળા દરમ્યાન બાળકો સ્પેશીયલ નીડ ધરાવતા હોવાથી સેન્ટર પર કરાવવામાં આવતી એક્ટીવીટી ભૂલી ગયા. તે કારણરૂપે શિક્ષકોએ બાળકોના વિકાસ માટેના ગોલ અને ક્ષમતા પ્રમાણે પ્રવૃતિઓ નક્કી કરી અને બાળકોના પેરેન્ટ્સને સેન્ટર પર બોલાવવામાં આવ્યા અને તેમને **કાઉન્સીલીંગ અને ટ્રેનિંગ** આપવામાં આવી. પેરેન્ટ્સને પોતાના બાળકોને ઘરેથી કરાવવામાં આવતી પ્રવૃત્તિ સમજાવવામાં આવી કે કઈ રીતે ઘરમાં રહેલી વસ્તુઓથી બાળકને એક્ટીવીટી કરાવવી, પ્રવૃત્તિમાં બાળકોને કઈ રીતે ઇન્વોલવે કરવું?... વગેરે. આ પ્રકારની જાણકારી મેળવીને પેરેન્ટ્સને 10-10 દિવસના અંતરે સેન્ટર પર આવીને પોતાના બાળક અંગેના ફીડબેક અને પ્રોગ્રેસ જણાવવો. સંસ્થા આ રીતે સ્પેશીયલ નીડ ધરાવતા બાળકોના વિકાસ અને ધ્યેય હેતુ કાર્ય કરી રહી છે.

6) **વોલિયન્ટર્સ સપોર્ટ:-** સંસ્થા હંમેશા વોલિયટર્સને આવકારતી હોય છે. અમદાવાદ યુનિવર્સિટીના બાળકોએ પ્રભાત સાથે કાર્ય કરવાની ઈચ્છા વ્યક્ત કરી અને અમદાવાદ યુનિવર્સિટીના કુલ 150 વિદ્યાર્થીઓ દ્વારા પ્રભાતમાં સ્વૈચ્છિક સેવા આપવામાં આવી. વિદ્યાર્થીઓને સંસ્થાના બાળકો અંગેની જાણકારી ટીમ દ્વારા આપવામાં આવી અને પછી તેમને બાળકોની રોજિંદી પ્રવૃતિઓ પર મટીરીયલ અને સામગ્રી તૈયાર કરવાનું કાર્ય સોંપવામાં આવ્યું જેવા કે કપડાં પહેરવા, નહાવું, બ્રશ કરવું વગેરે. એક્ટીવીટીની કામગીરીને સફળ કરવા માટે સમયસર ફીડબેક પણ જરૂરી હોય છે, તેવી રીતે વિદ્યાર્થીઓ પાસેથી સુનિશ્ચિત સમયે ફીડબેક લેવામાં આવતો હતો.

7) **ફંડ રેસિંગ કેમ્પીંગ:-** અમદાવાદમાં સ્થિત દ્રષ્ટિ મીડિયાએ પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન કે જે સંસ્થા દિવ્યાંગ બાળકો સાથે કામ કરે છે, તે સંસ્થાની સાથે એક ફંડ રેસિંગ માટેનું અભિયાન શરુ કર્યું હતું, આ અભિયાન 15 દિવસ માટેનું હતું. તેઓએ કોરોના મહામારી દરમ્યાન સમુદાયને જે મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો તેના પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું, અને તેની સાથે પ્રભાત સંસ્થા દ્વારા કોરોના સમયમાં કરવામાં આવતા ઇન્ટરવેશન પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આ અભિયાનના અંતિમ ચરણમાં "ગૂંગા પહેલવાન" મુવી શામેલ કરવામાં આવી, કે જે એક દિવ્યાંગ(બહેરા-મૂંગા) કુસ્તીબાજની વાર્તા પરનું મૂવી હતું.

https://www.youtube.com/watch?v=nC9NCCPI_cY

https://www.youtube.com/watch?v=5-tPz0JuUcg&t=15s

લોકડાઉન સમય દરમ્યાન સંસ્થા ફૂડ કીટની સહાય આપતી હતી તે હાલના સમયમાં પણ જરિયાતમંદ પરિવારોને આપવામાં આવી રહી છે.




अनावश्यक मुसाफरी से बचें।




बार-बार छूने वाली जगहों को नियमित रूप से साफ और कीटाणुमुक्त करे।




जो लोग COVID-19से एफेक्टेड है और उनकी देखभाल करनेवाले उन लोगो के साथ भेदभाव न करें।




हाथ से बनाये कॉटन के मास्क पहने जो वॉश करके फिर से इस्तमाल कर सकते है।







Photo Gallery





https://www.youtube.com/channel/UCe1oxuBWMDvyCRk2EPzzjlA

https://www.instagram.com/prabhat_education_foundation/

https://www.facebook.com/Prabhateducationfoundation/

A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows, Ramdevnagar,
Ahmedabad-380015
**Phone:** +91-79-48903054;
**Mobile:** +919825009427
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org